## જન્મશતાબ્દી પુસ્તકમાળા

# અધ્યાત્મને જીવંત બનાવો



ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર

http://awgp.org

# અધ્યાત્મને જીવંત બનાવો

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

દેવીઓ તથા ભાઈઓ !

## અહલ્યાબાઈ ઈન્દોરની મહારાણી

અહલ્યાબાઈ કોણ હતા? ઈન્દોરના મહારાણી હતા. એકવાર તુકોજીરાવ ચિત્તાનો શિકાર કરવા માટે એક ગામડામાં ગયા. બંદૂક ફોડી તો ચિત્તો ઘાયલ થઈ ગયો અને ભાગીને એક ઝાડીમાં છુપાઈ ગયો. રાજા પોતાની બહાદુરી દેખાડવા માગતા હતા કે હું ચિત્તાનો શિકાર કરી લાવ્યો છું તો બીજી બાજુ ડર પણ લાગતો હતો કે ઘાયલ થવાથી ખિજાયેલો ચિત્તો ક્યાંય હુમલો ન કરી બેસે. તુકોજીરાવ એવું વિચારીને ઝાડીની ચારે બાજુ આંટા મારતા હતા કે જોઉં તો ખરો કે ચિત્તો મરી ગયો છે કે જીવે છે. ઘોડો ખેતરમાં ચાલતો હતો. તેથી ખેતરમાંનો પાક બગડતો હતો. અઢાર ઓગણીસ વર્ષની ખેડૂતની એક છોકરીએ બહાર આવીને કહ્યું કે એ ઘોડાવાળાભાઈ, તમે અમારો પાક બગાડી રહ્યા છો. આ કાંઈ રસ્તો થોડો છે ? તમે અમારા ખેતરમાં ઘોડો દોડાવો છો એનો મતલબ શું ? રાજાએ કહ્યું, “મેં શિકાર કર્યો હતો, જે ઘાયલ થઈને અહીં છુપાઈ ગયો છે.” “ક્યાં છુપાયો છે ?” “અહીં ઝાડીમાં, એટલે તો હું આ ઘોડો તેની આજુબાજુ ફેરવું છું, હું તારા ખેતરનો પાક બગાડવા ઇચ્છતો નથી.” છોકરીએ કહ્યું “જો તમને શિકાર કરવાનો શોખ હોય તો ચિત્તાનો સામનો કરો. એને પકડો યા મારી નાંખો, પણ મારું ખેતર શા માટે ખરાબ કરો છો ? “રાજાએ કહ્યું, “તમે ખબર નથી, ચિત્તો ખૂબ ભયંકર હોય છે. જો તે હુમલો કરે તો મારી નાંખે” “એટલે કે તમે મરવાથી ડરો છો અને શિકાર પણ કરવા ઇચ્છો છો ? તમે અહીં બેસો.”

છોકરી એક મોટો દંડો લઈ આવી અને પૂછયું કે ક્યાં છે તમારો ચિત્તો ?

રાજાએ કહ્યું કે આ ઝાડીમાં છુપાઈ ગયો હોય એમ લાગે છે. છોકરી સડસડાટ ઝાડીમાં ઘૂસી ગઈ. એણે જોયું કે ચિત્તો ત્યાં જ બેઠો છે. તેણે એ પથ્થર ફેંકયો. એ સાથે જ ચિત્તો એને મારવા દોડયો. છોકરી દંડો લઈને તેના પર તૂટી પડી, તેના દાંત તોડી નાખ્યા અને એના મોઢામાં દંડો ઘુસાડી દીધો અને એને મારી નાખ્યો તે પોતે પણ થોડી ઘાયલ થઈ. ચિત્તાનું પૂછડું પકડીને તેણે ચિત્તાને ઘસડી લાવીને મહારાજની સામે નાખ્યો અને કહ્યું કે લો, આ તમારો ચિત્તો. નકામો મારો પાક ખરાબ કર્યો. ચિત્તાને જોઈને રાજા દંગ રહી ગયા.

એકવાર છોકરીના ચહેરા સામે જોયું કે પછી ચિત્તા તરફ જોયું. રાજા અચંબિત થઈ ગયા. એમણે છોકરીને પૂછયું કે તું ક્યાં રહે છે, તો તેણે જવાબ આપ્યો કે અમે તો આ જ ગામના છીએ. “તારા ઘરમાં કોણ કોણ છે.? “મારા બાપુ છે. તેઓ પણ અહીં ખેતરમાં જ કામ કરી રહ્યા છે. મને તેમની પાસે લઈ જા. છોકરી રાજાને પોતાના પિતા પાસે લઈ ગઈ. રાજાએ ઘોડા પરથી ઊતરીને એ ખેડૂતને પ્રણામ કર્યા. ખેડૂતે પૂછયું કે તમે કોણ છો ?

“હું ઈન્દોરનો રાજા છુ” “આપ રાજા સાહેબ છો ? ” “મારી શું ભૂલ થઈ ગઈ ?” “તમારી કોઈ ભૂલ નથી થઈ. હું તો તમને એક વિનંતી કરવા આવ્યો છું” “શી વિનંતી ?” “બસ, એ જ કે તમારી દીકરાના લગ્ન મારી સાથે કરો. “ઈન્દોરના મહારાજા સાથે ? આપ આ શું કહી રહ્યા છો ? હું કોઈ સ્વપ્ન જોઈ રહ્યો છું કે સાચું દૃશ્ય ? ના, તમે સ્વપ્ન નથી જોઈ રહ્યા, હું ઈન્દોરનો મહારાજા છું અને તમને વિનંતી કરું છું કે તમે તમારી આ પુત્રી મને આપો. ખેડૂત તૈયાર થઈ ગયો. બીજા જ દિવસે રાજાની જાન આવી અને એ છોકરી સાથે એમના લગ્ન થઈ ગયાં.

અહલ્યાબાઈ ભણેલાં નહોતાં પણ ત્યાં જઈને લખતા વાંચતા શીખ્યાં. પછી મહારાજને કહ્યું કે હવે જુઓ, હું તમારું રાજ ચલાવી બતાવું, શું તમે રાજ કરશો ? તમે આરામથી બેસો અને મોજ કરો. અહલ્યાબાઈનો રાજય વહીવટ ઈન્દોરના ઇતિહાસમાં અભૂતપૂર્વ હતો. ઈન્દોરના મહારાજ ધન્ય થઈ ગયા એ ઇતિહાસ ધન્ય થઈ ગયો. અહલ્યાબાઈને હજારો વર્ષો સુધી યાદ કરવામાં આવશે.

## જાગૃત તથા જીવંત આત્મા કેવા ?

મિત્રો, હું કોની વાત કરી રહ્યો હતો ? અહલ્યાબાઈની વાત કરી રહ્યો હતો ? ના, અહલ્યાબાઈની નહિ, પણ જાગૃત અને જીવંત આત્માની વાત કરી રહ્યો હતો. જાગૃત અને જીવંત આત્મા કેવો હોય છે ? બહાદુર, સાહસિક, સંકલ્પવાન, ઉત્કૃષ્ટ અને આદર્શવાદી હોય છે. એને ઈંદોરવાળી રાણીની ઉપમા આપી  શકું છું.

તમે ઈંદોરવાળી રાણીની ઉપમા કોના માટે આપો છો ? જીવાત્મા માટે અને ભગવાનની ઉપમા કોને આપશો ? તુકોજીરાવને. એવો જીવાત્મા જેનામાં ત્યાગ હોય, શૌર્ય હોય, બલિદાનની ભાવના હોય, ઉત્કૃષ્ટતા તથા આદર્શવાદિતા હોય. ભગવાન એને હાથ જોડી શકે છે, એની ખુશામદ કરી શકે છે. કોની? એ માણસની કે જેનામાં સંકલ્પ હોય.

રામકૃષ્ણ પરમહંસ વારંવાર વિવેકાનંદને ત્યાં જતા હતા. હાથ જોડતા હતા અને કહેતા હતા કે બેટા ! જો, મારું બહુ મોટું કામ અટવાઈ પડયું છે. તું મારી સાથે આવે છે કે નહિ ? “હજુ તો મારે બી.એ. ની પરીક્ષા આપવાની છે. તમે વારંવાર શું કામ આવો છો ? જ્યારે મને ઇચ્છા થશે ત્યારે હું આવી જઈશ.” ના બેટા!  તારી ઇચ્છાથી કામ નહિ ચાલે. તું સમજતો નથી કે તું કયા કામ માટે આવ્યો છે અને તારા વગર મારું કેટલું કામ અટકી પડયું છે.

“મહારાજ, હજુ તો મારે નોકરી કરવાની છે.” “ના બેટા, તારે નોકરી નથી કરવાની. તારે તો મારું કામ કરવાનું છે. એક દિવસ તો તેઓ મીઠાઈ લઈને પહોંચી ગયા.” “લે બેટા ! મીઠાઈ ખાઈ લે. ” “આ શેની મીઠાઈ છે ? ” “લે, તું મીઠાઈ ખાઈ લે અને મારી સાથે ચાલ.” “શું હું કોઈ નાનકડું છોકરું છું કે તમે મને છેતરવા આવી ગયા ?” “અરે, તું બાળક તો છે. બાળક નથી તો બીજું શું છે ?” જાગૃત આત્મા, જીવંત આત્માઓ કેવા હોય છે ? જ્યારે ગુલાબનું ફૂલ ખીલે છે ત્યારે એની ઉપર ભમરા આવીને બેસે છે. પતંગિયાં આવે છે. બધાં દૂર દૂરથી એની સુગંધ મેળવવા આવે છે.

## પ્રાર્થનાથી નહિ, પ્રાણભર્યા સ્પર્શથી મળે છે સફળતા

મિત્રો, હું તમને કહેતો હતો કે તમે જો ફૂલની જેમ ખીલી શકતા હો, તો ખીલો. અમે તો ભગવાનને પ્રાર્થના કરીશું. ના બેટા ! ભગવાનને પ્રાર્થના કરવાની કોઈ જરૂર નથી. ભગવાન તને પ્રાર્થના કરશે. મેં તો સાંભળ્યું છે કે પ્રાર્થનાથી મોટા મોટા કામ થઈ જાય છે. હા, બેટા ! થઈ જાય છે. પ્રાર્થનાની મહત્તા મેં પણ સાંભળી છે. શું સાંભળ્યું છે તમે ? હું કંદોઈની દુકાને જાઉં છું અને પ્રાર્થના કરું છું કે કંદોઈ સાહેબ, મોર એક કિલો જલેબી જોઇએ છે. અચ્છાં સાહેબ, ગરમાગરમ છે, એકદમ સરસ જલેબી છે, લો. એક હાથે એણે જલેબીનું પડીકું પકડી રાખ્યું અને બીજો હાથ મારી સામે ધર્યો. લાવો પૈસા. અરે, તું પૈસા માગે છે ? મેં તો સાંભળ્યું હતું કે પ્રાર્થના કરવાથી જ જલેબી મળી જાય છે. અરે ભાઈ! તમને કોઈકે ખોટું સમજાવ્યું છે. મહારાજ, સવા લાખના અનુષ્ઠાનથી લક્ષ્મી મળી જાય છે. આ ખોટું છે, બેટા, સવા લાખનું અનુષ્ઠાન શું છે ? પ્રાર્થના છે. મેં તો સાંભળ્યું છે કે આઈ.એ.એસ.ની નોકરી મેળવવા માટે પાંચ રૂપિયાનું ફોર્મ ખરીદવું પડે છે. ટાઈપ કરાવીને એ અરજી સાથે બી.એ. તથા બીજાં સર્ટિફિકેટની કોપીઓ જોડવી પડે છે અને તરત આઈ.એ.એસ. નો હુકમ આવી જાય છે. ના, બેટા ! માત્ર આટલું કરવાથી કલેક્ટર બની શકાતું નથી, કમિશ્નર બની જવાતું નથી. એ માટે તો તારે પરીક્ષામાં પાસ થવું પડશે. તારા શરીરનો ટેસ્ટ કરવામાં આવશે. એ બધામાં પાસ થયા પછી જ તારી પસંદગી થશે.

મિત્રો, પ્રાર્થના, પૂજા, જેને આપણે ભજન પૂજન કહીએ છીએ એનું પણ મહત્વ છે. જો આપણે પ્રાર્થના ન કરીએ, પૂજા ન કરીએ તો ? તો પછી જેમ ટિકિટ લેવા ટિકિટબારી પર જાઓ, કશું બોલો નહિ અને ચૂપચાપ ઊભા રહો એવું થશે. તમારે કહેવું પડશે કે મારે દિલ્હીની સેકંડ ક્લાસની બે ટિકિટો જોઇએ છે. પછી પૈસા આપવા પડશે. તો તમને પેલો ટિકિટ આપશે ? હા, આપશે. પણ જો તમે કહો જ નહિ તો સ્ટેશન માસ્ટરને કેવી રીતે ખબર પડે કે તમારે ક્યાં જવું છે અને કેટલી ટિકિટો જોઇએ છે. એ બધું જણાવવું પડે છે. પ્રાર્થનાની પૂજાની કિંમત એટલી જ છે કે ભગવાનને એવી પ્રાર્થના કરીએ છીએ કે આપણે ક્યાં જવા ઇચ્છીએ છીએ, શું કરવા માગીએ છીએ અને કઈ તરફ આગળ વધવા માંગીએ છીએ, આપણું લક્ષ્ય શું છે,

આપણો ઉદ્દેશ્ય શો છે? આ પોતાની એક દિશા અને ધારા બનાવવાની વાત છે.

## ઇતિહાસ સાક્ષી છે.

બેટા, એના પછી બધા સંતોએ જે કર્યું છે તે કરવું પડે છે. ભગવાનના ભક્તોનો ઇતિહાસ ઘણો લાંબો છે. એ ઇતિહાસ વાંચીને ભક્તો વિશે, ઋષિઓ વિશે, સાચા બ્રાહ્મણો વિશે જાણી શકીએ છીએ. ભગવાનના માર્ગ પર ચાલનાર દરેક વ્યકિતના જીવનને આપણે જોઇએ છીએ અને તે જાણવાનો પ્રયત્ન કરીએ છીએ કે એ ભકતોએ માળા ફેરવવા સિવાય બીજું કોઈ કામ કરવું પડયું છે કે નહિ. હા, તેમને બીજું પણ કંઈક કરવું પડયું છે અને એ બતાવવા માટે જ મેં તમને બોલાવ્યા છે.

મિત્રો, ભગવાનના ભક્તોના પ્રાચીન ઇતિહાસમાંથી એકપણ ભક્તનું એવું ઉદાહરણ મને બતાવો કે જે ફંકત માળા જ ફેરવતો રહ્યો હોય, જેણે ભગવાનના કાર્યોમાં પ્રત્યક્ષ ભાગીદારી ન કરી હોય. પ્રાચીનકાલના સંત અને બ્રાહ્મણ મિતવ્યયી અને સાદું જીવન જીવતા હતા, સ્વાધ્યાય કરતા હતા, પરંતુ એના કરતાંય એક મહત્વની વાત એ છે કે તેઓ વાદળોની જેમ હમેશાં વરસતા હતા. તેઓ ફંકત માળા જ નહોતા ફેરવતા. તેઓ પ્રાણાયામ કરતા હતા ? વ્યાયામ કરતા હતા ? હા, આપણને વ્યાયામની પણ આવશ્યકતા છે. તો ગુરુજી, હું આખો દિવસ વ્યાયામ કરીશ. ના બેટા, આખો દિવસ વ્યાયામ ના થાય, તો બીજું શું કરવું પડશે ? બેટા, આપણે ભગવાનના કામમાં મદદ કરવી પડશે.

એમના આ સૃષ્ટિરૂપી બાગને સુંદર બનાવવા મટો પણ કંઈક કરવું પડશે ? મારા ગુરુદેવે મને આ જ શિખવાડયું હતું અને મેં આજ સુધી એ બંને કાર્ય કર્યા છે. ઉપાસના કઈ રીતે સાર્થક થઈ શકે ? મંત્ર કઈ રીતે સિદ્ધ થાય ? આપણે ભગવાનની કૃપા મેળવવાના અધિકારી કેવી રીતે બની શકીએ ? એ બધો ઘટનાક્રમ આપણી સામે છે. આજ સુધીનો મારા જીવનનો ઘટના ક્રમ તમારી સામે છે. પ્રાચીનકાલના ભગવદ્ભકારોનો ઇતિહાસ તમારી સામે છે. ભગવાન રામના પ્રિય ભકત હનુમાનજીના જીવનનો એક જ મંત્ર હતો – રામ કાજ કિન્હે બિના, મોહિ કહાં વિશ્રામ. માત્ર રામનામ જ પૂરતું નથી, રામનું કામ પણ કરવું પડે.

## અર્જુન પોતાની જાતને સોંપી દીધી

ભગવાન કૃષ્ણના પ્રિય શિષ્યોમાંથી આપણે અર્જુનનો ઇતિહાસ જાણીએ છીએ. શું અર્જુને ભજન કર્યું હતું ? હા, કર્યું હશે. અર્જુને ધ્યાન તથા જપ કર્યા હશે ? હા, અવશ્ય કર્યા હશે. એની કુંડલિની જાગી હશે ? કદાચ જાગી હશે, પરંતુ સૌથી મોટી બાબત, સૌથી મોટી ઉપાસના તથા સાધના એ હતી કે તેણે ભગવાનના ઈશારે પોતાની જિંદગીનો ઉપયોગ કરવાનું સાહસ કર્યું હતું. હનુમાન, નલ, નીલ, જાંબુવંત, અંગદ, સુગ્રીવ વગેરે ભગવાનના જેટલા પણ ભકતો હતા એમણે કેટલા પ્રાણાયામ કર્યા, કેટલી માળા ફેરવી તે હું નથી જાણતો, પણ એટલું જાણું છું કે એમણે પોતાનું જીવન ભગવાનના ચરણોમાં સમર્પિત કરી દીધું હતું અને કહ્યું હતું કે અમે તમારા આદેશ પ્રમાણે ચાલીશું.

મિત્રો, આજનો સમય કાંઈક આવો જ છે. એટલે જ મેં તમને બોલાવ્યા છે. ભગવાન આપણી પાસેથી કંઈક ઇચ્છે છે. આ પુનર્ગઠન વર્ષમાં ભગવાનને એક નવી સ્ફુરણા થઈ છે. મહાકાળે એક નવો નિર્ણય કર્યો છે. એમણે તમારા જેવા જીવંત અને જાગ્રત આત્માઓને વિશેષરૂપથી બોલાવ્યા છે. તમે પોતાને ઓળખતા નથી, પણ હું તમને જાણું છું, તેથી વારંવાર તમને પત્રો લખ્યા છે. હનુમાન પોતાને જાણતા નહોતા કે તેઓ કોણ છે. હનુમાનજીને જ્યારે સુગ્રીવે એ તપાસ કરવા મોકલ્યા કે રામલક્ષ્મણ કોણ છે ત્યારે તેઓ વેશ બદલીને, બ્રાહ્મણનું રૂપ લઈને ગયા હતા અને એમને પૂછયું કે તમે કોણ છો ? પરંતુ રામ એમને જાણતા હતા. તેથી એમને શોધતા શોધતા, અંગદને શોધતા શોધતા તેઓ ઋશ્યમૂક પર્વત પર ગયા હતા. શું તે એક જ પહાડ હતો ? ના, બેટા ! ત્યાં તો અનેક પહાડ હતા. તેઓ બીજા પર્વત પર પણ જઈ શકતા હતા, પરંતુ ઋશ્યમૂક ઉપર એટલાં માટે ગયા કે ત્યાં હનુમાન, અંગદ તથા સુગ્રીવ જેવા તેમના ભકતો રહેતા હતા.

### અધ્યાત્મ જ બનાવશે સારો માણસ

તમને અહીં બોલાવવાનો મારો હેતુ એ છે કે આજથી પંચાવન વર્ષ પહેલાં ગુરુએ જેમ મને જગાડયો હતો એ જ રીતે હું પણ તમને જગાડું.

જે રીતે એમણે મને માર્ગદર્શન આપ્યું હતું એ જ રીતે હું તમને આપું. શા માટે ? કારણ કે આવતી પેઢી માટે સારો માણસ જરૂરી છે. અધ્યાત્મ વગર માણસની નૈતિક જરૂરિયાતો પૂરી થઈ શકે નહિ. અધ્યાત્મ વગર મનુષ્યનું ચિંતન શ્રેષ્ઠ બની શકતું નથી. અધ્યાત્મ વગર મનુષ્યના કાર્યોમાં નૈતિકતાનો સમાવેશ થઈ શકતો નથી. આજની પરિસ્થિતિઓ ખૂબ ગૂંચવાતી જાય છે અને મનુષ્ય વધુ હેરાન થતો જશે. આ મુશ્કેલીનો બીજો કોઈ ઉકેલ નથી.

મિત્રો, આપણું મન રાતદિવસ વિક્ષુબ્ધ અને અશાંત રહે છે. દિલ ધડકતું રહે છે. આ બધું કોણ કરે છે ? રાજનીતિ ? ના સાહેબ, રાજનીતિ નથી કરતી. અમારા છોકરા જ દ્રોહી અને ઉત્પાતિયા બની ગયા છે. અમારું કહેવું જ નથી માનતા. પતિ-પત્ની વચ્ચે એવા ભયંકર ઝઘડા થાય છે કે જો એમને છોકરાં ન હોત તો સ્ત્રી છૂટાછેડા લઈને ઘર છોડીને જતી રહી હોત. ઘરમાં ક્લેશ ચાલતો રહે છે અને એ કંકાસથી બધાં સુકાતા જાય છે. કોણ એમને બાળે છે? બેટા, આપણી વિકૃત મનઃસ્થિતિ બાળે છે. વિકૃત મનઃસ્થિતિને સુધાર્યા વગર માનવીય સમસ્યાઓનું કોઈ સમાધાન થવાનું નથી. વ્યક્તિ કે કુટુંબની સમસ્યાઓનું કોઈ સમાધાન થવાનું નથી. વ્યક્તિને જ સુધારવી પડશે.

મિત્રો, વ્યક્તિને સુધારવાની એક જ રીત છે, જેનું નામ છે અધ્યાત્મ. આ અધ્યાત્મને જીવંત રાખવા માટે મારે અને તમારે ભેગા મળીને પ્રયત્નો કરવા જોઇએ. આજે ભગવાને, મહાકાળે એક જ પોકાર પાડયો છે કે મનુષ્યજાતિના બગડી રહેલા ભવિષ્યને સુધારવા તથા સાચવવા માટે અને ઉજ્જ્વળ ભવિષ્યની સંભાવનાઓને સાર્થક કરવા માટે આપણામાંથી દરેક જીવંત અને જાગૃત આત્માએ પ્રયત્નો કરવા જોઇએ કે જેથી અધ્યાત્મને જીવંત રાખી શકાય. અધ્યાત્મને કઈ રીતે જીવતું રાખી શકાય ? અધ્યાત્મનું શિક્ષણ કઈ રીતે આપી શકાય ? આધ્યાત્મિક પ્રવૃત્તિઓને કઈ રીતે આગળ ધપાવી શકાય ? બેટા, અધ્યાત્મ એ વાણીનો વિષય નથી. જો તે વાણીનો વિષય હોત તો આજ સુધી એક એકથી ચડિયાતાં અનેક પંડિતો અને કથાકારો થઈ ગયા છે. એકએકથી ચડિયાતી જ્ઞાનવાન પ્રતિભાઓ પડેલી છે. એમને બધાને અધ્યાત્મમય કરી દીધા હોત અને દુનિયા કોણ જાણે ક્યાંથી ક્યાં પહોંચી ગઈ હતો, પરંતુ અધ્યાત્મ એમના હાથની વાત નથી.

## આ એક વિશેષ સમય છે.

સાથીઓ ! અધ્યાત્મના વિસ્તારનું કાર્ય આપણે સૌએ કરવાનું છે. આનું લોકશિક્ષણ કરવા માટે આપણે આપણા વ્યક્તિગત જીવનને ફરીથી ઠીક કરવું પડશે. સળગી રહેલો દીપક જ પ્રકાશ ઉત્પન્ન કરી શકે છે. આપણે કેવી રીતે પ્રકાશ ઉત્પન્ન કરી શકીશું ? તમે તમારી અંદર પ્રકાશ ઉત્પન્ન કરો. ત્યારે જ તમે બીજાને પ્રકાશ આપી શકશો. દુનિયામાં આપણે આધ્યાત્મિકતા ફેલાવીશું, આ આજથી સૌથી મોટી જરૂરિયાત છે. મહાકાળે તમને બોલાવ્યા છે અને કહ્યું છે કે તમે એક વિશેષ વ્યક્તિ છો. આ એક વિશેષ જવાબદારી છે. આપણા મહોલ્લામાં જો કોઈ અગ્નિકાંડ થઈ જાય, તો આપણે આપણાં પૂજા પાઠ પણ છોડી દઈએ છે, સ્નાન-ભોજન પણ છોડી દઈએ છે અને ડોલમાં પાણી ભરીને આગળ ઓલવવા માટે નીકળી પડીએ છીએ. આ એવો જ સમય છે, જેમાં હું અને તમે રહીએ છીએ, આ સમયનો યુગધર્મ, આપત્તિ ધર્મ એ છે કે આપણે આપણા સામાન્ય જીવન કરતાં વિશેષ સમય પર ધ્યાન આપવું જોઇએ. ભગવાનના પોકાર પર ધ્યાન આપવું જોઇએ. મહાકાલ દ્વારા આ સંવેદનાઓ ફેલાવવામાં આવી રહી છે અને ખાસ કરીને જાગૃત આત્માઓની અંદર જે હલચલ અને સ્પંદન ઉત્પન્ન કર્યા છે તે તરફ મારે અને તમારે ધ્યાન આપવું જોઇએ. આ ખૂબ ઉપયોગી સમય, જાગરણનો સમય છે. યુગસંધ્યાનો સમય છે. જે લોકો યુગસંધ્યાનું મૂલ્ય સમજી શકતા નથી અને ઉપેક્ષા કરતા રહે છે તેઓ પાછળથી પસ્તાય છે.

મિત્રો ! થોડા સમય પહેલા ગાંધીજીનું સ્વરાજ્ય આંદોલન આવ્યું હતું, જેમાં જાગૃત આત્માઓ આગળ આવી ગયા હતા અને સત્યાગ્રહ માટે કાર્ય કરી રહ્યા હતા. આખી દુનિયા કહી રહી હતી કે એ નુકસાન ભોગવશે. આવું કહેનારાઓમાં મિત્રો, પડોશી અને સંબંધી પણ હોય છે. એ બધા જ કહેતા હતા કે આપ બેવકૂફીભર્યુ પગલું ભરી રહ્યા છો, પરંતુ ‘બેવકૂફીનું પગલું’ ભરનારાઓએ સમયને જોયો, જાણ્યો અને જાણ્યા પછી શું હતા ને શું બની ગયા, તમે જોયું ? એક નાના સરખા વકીલ વલ્લભભાઈ પટેલ શું શું બની ગયા ? હિન્દુસ્તાનના ગૃહમંત્રી. નાના સરખા મૌલાના અબ્દુલ કલામ આઝાદ શું બન્યા ? હિન્દુસ્તાનના શિક્ષણમંત્રી. પં. જવાહરલાલ નહેરુ એક વકીલના દીકરા હતા તેઓ શું બન્યા ? પ્રધાનમંત્રી બની ગયા અને ક્યાંથી ક્યાં પહોંચી ગયા.

મિત્રો ! જેમણે સમયને જોયો, સમયનો પોકાર સાંભળ્યા અને સમયની સાથેસાથે આગળ આવ્યા તેઓ નફામાં રહ્યા. જેઓ સમય ચૂકી ગયા તેઓ રડતા રહ્યા અને કહે છે કે અમે પણ છ મહિના જેલ જઈ આવ્યા હોત તો બસ્સો રૂપિયાનું પેન્શન અમને પણ મળત અને અમે પણ સ્વતંત્રતા સેનાની બની જાત. કેમ તમે ન ગયા ? હવે શા માટે ફરિયાદ કરી રહ્યા છો ? મિત્રો ! આ સાહસિકોનો, બહાદુરોનો, શૂરવીરોનો રસતા છે. એટલાં માટે સાહસિકોનો રસ્તો બતાવવા માટે મેં આપણે બોલાવ્યા છે. તમે જો બીજાની જેમ હિંમત કરશો, તો વૃક્ષની જેમ જ ફાલવા માટે આ યોગ્ય સમય છે. આ જ અવકાશ છે. આના કરતાં સુંદર સમય કદાચ ફરી ક્યારેય તમારી જિંદગીમાં આવવાનો નથી.

### મારા બોલાવવાનો આશય

મારી જિંદગીમાં તો સારો સમય આવ્યો હતો આજથી પંચાવન વર્ષ પહેલાં, જ્યારે મારા દેવદૂત-મારા ગુરુ મારી પાસે આવ્યા હતા. ભગવાનને હજાર વાર ધન્યવાદ, કોટિકોટિ ધન્યવાદ કે તેમણે મારી અંદર એવી સંવેદના ઉત્પન્ન કરી અને મેં ધ્યાનપૂર્વક તેમની વાત સાંભળી. નહીં તો તમારી જેમ જ હું પણ મજાક કરી શકયો હોત કે હજુ તો મારે લગ્ન કરવાના છે, બાળકો પેદા કરવાના છે, મારું મકાન બનાવવાનું છે, ખેતી કરવાની છે, મારે પહેલો નંબર લાવવાનો છે અને પી.સી.એસ.ની નોકરી કરવાની છે.

પરંતુ મિત્રો, મારા વિવેકે મને સાથ આપ્યો. હું ઇચ્છું છું કે તમારો વિવેક પણ તમારી સાથે હોય. કોઈ દેવદૂત, જે વાતાવરણ પર પ્રભાવ પાથરી રહ્યો છે, જે મોટા મોટા કાર્યો કરવા જઈ રહ્યો છે, જેણે મોટા પગલાં ભર્યાં છે એ દેવદૂત તમને પણ જગાડી શકે. તમારી અંદર પણ કોઈ સ્પંદન, કોઈ જાગૃતિ ઉત્પન્ન કરી શકે, આપનો વિવેક જાગૃત કરી શકે. મારા બોલાવવાનો આશય આ જ છે. મહારાજજી ! આપનો આશય તો અહીં ઉદ્ઘાટન કરવાનો હતો ને ? હા બેટા ! ઉદ્ઘાટન તો કરાવવા ઇચ્છું છું, પરંતુ જે ઉદ્ઘાટન કરવા માટે તમે બધા આવ્યા છો તે કોઈ એક સામયિક ઘટના નથી. તે તો એક સંભાવના છે.

શું સંભાવના છે ? જે બ્રહ્મવર્ચસનું ઉદ્ઘાટન કરવા માટે તમે આવ્યા છો એ મહાકાલની સંભાવના છે. હું અધ્યાત્મની એક નર્સરી, એક પ્રયોગશાળા બનાવવા ઇચ્છું છું. હું બતાવવા ઇચ્છું છું કે આધ્યાત્મિક શક્તિઓને જાગૃત કરવા માટે શું શું કરી શકાય છે. જે બિલ્ડીંગને તમે લોકો જોઈને આવ્યા છો, બેટા, તે માત્ર બિલ્ડીંગ નથી, એ પ્રયોગશાળા છે. આનાથી શું થશે ? મિત્રો ! આવનારા સમયમાં વીજળીની શક્તિ, એટમની શક્તિ, પૈસાની શક્તિ, અક્કલની શક્તિ પાછળ ધકેલાવવાની છે. સૌથી આગળ જે શક્તિ આવવાની છે, તે રુહાની (આધ્યાત્મિક) શક્તિ છે. જે આપણા પ્રાચીન સમયના વડીલોની શક્તિ છે, જેના આધારે તેમણે પોતાના દેશને સ્વર્ગ બનાવ્યો હતો અને આખી દુનિયાની અંદર શાંતિ ફેલાવી હતી. એ જ આધ્યાત્મિક શક્તિ ફરીથી જીવંત થવાની છે.

મહારાજજી ! તમે આને ક્યાંથી પેદા કરશો ? બેટા ! હું તેને આ ઉદ્ઘાટનની નાનીસરખી ઇમારતમાંથી પેદા કરીશ, જેને તમે બ્રહ્મવર્ચસના નામથી હમણાં જ જોઈને આવ્યા છો. આ ઇમારત તો તેનું પરબીડિયું છે. પરબીડિયું કેવું હોય છે ? પરબીડિયું એવું હોય છે બેટા કે જ્યારે બાળક પેદા થવાનું હોય છે ત્યારે તેની મા અનેક વસ્તુઓ બનાવીને મૂકી રાખે છે. શું બનાવી રાખે છે ? ચડ્ડી અને ઝભલું. આ શું બનાવ્યું છે ? તેના મોંમાંથી લાળ ટપકશે એટલાં માટેનું લાળિયું. તો બાળક ક્યાં છે ? હજુ બાળક પેદા થયું નથી, પરંતુ તેને માટે કપડાં સીવીને રાખ્યાં છે, જેને તમે જોઈને આવ્યા છો. બચ્ચું તો પેદા થવાનું છે. બાળક કઈ રીતે પેદા થશે ? બેટા ! બચ્ચું એ રીતે પેદા થશે કે અહીં ઉપાસના કરવા માટે જે વ્યક્તિ આવશે તેની અંદર હું એ અધ્યાત્મ પેદા કરવાનો પ્રયત્ન કરીશ, જેને જીવંત અધ્યાત્મ કહે છે.

## જીવંત અધ્યાત્મ પેદા થશે

જીવંતનો શો મતલબ છે ? આ અધ્યાત્મની લાશ, જેને લઈને તમે ફરી રહ્યા છો, કઈ લાશ ? આ જ નાકમાંથી હવા કાઢવાવાળી લાશ. તો શું આ અધ્યાત્મ નથી ? ના બેટા, આ અધ્યાત્મ નથી. આ તો એની લાશ, એનું કલેવર છે. કલેવરનું અધ્યાત્મ કેવું હોય છે ?

હિંમતનું , બહાદુરીનું નામ છે અને શ્રેષ્ઠતાને જીવનમાં ધારણ કરવાનું નામ છે. જેનું ઉદ્ઘાટન કરવા આપ આવ્યા છો એ બ્રહ્મવર્ચસમાં હું અધ્યાત્મનું શિક્ષણ આપીશ. આ એક પ્રયોગશાળા છે, જેમાં હું અધ્યાત્મનું સ્વરૂપ સમજાવીશ અને કેવી રીતે અધ્યાત્મને જીવનમાં ઉપયોગમાં લઈ શકાય છે તેનો પ્રયોગ કરીને તમને બતાવીશ. આ આશ્રમનું પહેલું કાર્ય એ છે કે હું અધ્યાત્મના સ્વરૂપની એ.બી.સી.ડી. સમજાવીશ, જે કોઈને પણ ખબર નથી. અધ્યાત્મની બાબતમાં લોકો કશું જ નથી જાણતા. અધ્યાત્મની લાશને જાણે છે. રામાયણ વાંચવાથી મુક્તિ મળી જાય છે અને રામચંન્દ્રજીનું નામ લેવાથી ભજન થઈ જાય છે. બેટા ! આ લાશ છે રામાયણ. રામાયણનો પ્રાણ તો એ છે જે હનુમાનજીએ પીધો હતો, જે તુલસીદાસજીએ પીધો હતો. જેનો અર્થ છે – ‘જીવનમાં રામનામને પચાવી લેવું.

મિત્રો ! બ્રહ્મવર્ચસની સ્થાપનાનો ઉદ્દેશ્ય એ જ છે કે અધ્યાત્મનું સ્વરૂપ, અધ્યાત્મના સિદ્ધાંત, અધ્યાત્મના આદર્શ, અધ્યાત્મની સંભાવનાઓ લોકોને સમજાવીએ અને એ બતાવીએ કે આપ કલેવરને પણ કાયમ રાખો. કલેવરની હું નિંદા નથી કરતો. માળા સામે મારો કોઈ જ દ્વેષ નથી. અખંડ કીર્તન સામે મારી કોઈ જ લડાઈ નથી, પરંતુ હું એ કહું છું કે અખંડ કીર્તનની પાછળ પ્રાણ હોવો જોઇએ. જપની પાછળ, ઉપાસનાની પાછળ પ્રાણ હોવો જોઇએ. તીર્થયાત્રાની પાછળ, રામાયણના પાઠની પાછળ પ્રાણ હોવો જોઇએ. જો પ્રાણ નહિ હોય તો આ લાશ ફંકત સડો જ ઉત્પન્ન કરશે. ભ્રમ અને અજ્ઞાન પેદા કરશે. લોકોમાં ભ્રમ પેદા કરશે. લોકોમાં એવી ભ્રાંતિ પેદા કરશે કે આના દ્વારા આ મળી જશે અને જ્યારે કશું નહિ મળે ત્યારે લોકો ગાળો દેશે. આ શું થઈ ગયું ? બેટા ! સડો પેદા થઈ ગયો.

અધ્યાત્મનો વિસ્તાર કરવાની દૃષ્ટિએ નાનાસરખા આશ્રમ, જેના ઉદ્ઘાટન માટે તમને બોલાવ્યા છે. આમાં શું કામ કરશો ? બેટા ! હું ઇચ્છું છું કે તમામ મંદિરો ધર્મની સ્થાપનાનાં કેન્દ્ર, જનજાગૃતિનાં કેન્દ્ર બને. પ્રાચીન સમયમાં પણ મંદિરોને જનજાગૃતિના કેન્દ્રો બનાવવામાં આવ્યાં હતા. હું પણ એવું ઇચ્છું છું કે જયાં પણ મંદિર બને, તેનું સ્વરૂપ એવું હોય કે મૂર્તિ જ નહિ, માણસ પણ તેમાં સ્થાન લે. બીજું શું શું રહેશે ? ચેતના રહેશે, લોકહિત રહેશે. ના સાહેબ,

ના બેટા, ભગવાનને હું એકલાં બેસવા નહીં દઉં. ના સાહેબ ! આખા મંદિરમાં ભગવાન પગ ફેલાવશે. ના બેટા, હવે હું ભગવાનને પગ ફેલાવવા નહિ દઉં. ભગવાનને કહીશ કે પિતાજી ! આપ અમને પણ જગ્યા આપો, અમે રહીશું.

આપ તો ત્યાં જ સિંહાસન પર બિરાજો, આખા ઓરડામાં અમે સૂઈ જઈશું, અમે પિતા છીએ. ના પિતાજી ! આપે આખું મંદિર ઘેરી લેવાની જરૂર નથી, થોડામાં આપ રહો, બાકીનામાં અમે રહીશું.

### નવા યુગના નવાં જ્ઞાનમંદિર

મંદિરોને જ્ઞાન મંદિરના રૂપમાં વિસ્તારવાની મને ઇચ્છા છે. કેવી રીતે ? નવા યુગમાં ધર્મ માટે પણ સ્થાન જોઇએ. રોટી, કપડાં અને મકાન તો જોઇએ જ. નવા યુગનો જે નવો ધર્મ આવશે તેને માટે મંદિરોની જરૂર પડશે.

મેં જે મંદિર બ્રહ્મવર્ચસમાં બનાવ્યું છે તે એવા જ કામ માટે બનાવ્યું છે કે ભગવાન સાથે સંબંધિત વૃત્તિઓનો પણ તેમાં નિવાસ રહે, જેમ કે પુસ્તકાલય, પાઠશાળા , પ્રૌઢ પાઠશાળા, શિક્ષણ સંસ્થાન વગેરે. આ બધાં પણ એ જ મંદિરમાં રહે, આને માટે એક મોટો હોલ બનાવવો. બેટા, હું ધર્મને જીવંત રાખવા માટે ફરીથી એક પ્રયત્ન કરવાનો છું.

સમર્થ ગુરુ રામદાસને શિવાજીએ એવું કહ્યું હતું કે મહારાજ ! સ્વાધીનતા માટે મારે સેનાની, પૈસાની જરૂર પડશે, મારે હથિયારોની, અનાજની જરૂર પડશે. સમર્થ ગુરુ રામદાસે કહ્યું કે બેટા, અમારી પાસે તો નથી, પરંતુ હું એવી વ્યવસ્થા કરી આપીશ, જ્યાંથી તારી બધી જ જરૂરિયાતો પૂરી થઈ જાય. તેમણે મહારાષ્ટ્રના ગામેગામ ફરીને મહાવીરનાં મંદિર બનાવ્યાં.

મહારાષ્ટ્રના પ્રત્યેક ગામમાં સમર્થ ગુરુ રામદાસ દ્વારા સ્થાપિત કરવામાં આવેલાં મંદિરો હજુ પણ છે. પછી લોકમાન્ય તિલકે ગણેશ પૂજાનો વિસ્તાર કર્યો હતો. મહારાષ્ટ્રીયનોને ભેગાં કરવા માટે લોકમાન્ય તિલકે કહ્યું કે આપણે પ્રાચીન પરંપરાઓના આધાર પર નવજીવનનો સંચાર કરવો જોઇએ.

તેમણે ગણેશજીની પૂજા શરૂ કરી. ગણેશજીની ચતુર્થી, પછી ગણેશોત્સવ પ્રચલન, બધું જ લોકમાન્ય તિલકે શરૂ કરાવેલું. મહાવીર-પૂજા સમર્થગુરુ રામદાસે શરૂ કરાવી. બેટા, હું એવું ઇચ્છું છું કે આ મંદિરોની જેવી સ્થાપના કરવામાં આવી છે, તેવાં જ મંદિરો બને. ના મહારાજજી ! અમારી પાસે તો ધન નથી. ઠીક છે, મને ખબર છે કે તમારી પાસે ધન થી, પરંતુ જે મહાકાળ દ્વારા શરૂ કરવામાં આવી છે, જે મારા ગુરુ મારી .પાસેથી ઇચ્છે છે અને હેં તમારી પાસેથી ઇચ્છું છું, એ પરંપરાઓ ફરીથી પેદા થઈ જાય.

બેટા ! સૌ પ્રથમ તમારે તમારા ઘરમાં મંદિર સ્થાપિત કરવું જોઇએ. આસ્તિકતા આ યુગની સૌથી મોટી જરૂરિયાત છે. રાજનીતિ કરતાં, સમાજશાસ્ત્ર કરતાં મોટી, ધર્મ કરતાં, વિદ્યા કરતાં પણ મોટી જરૂરિયાત એ છે કે મનુષ્યની દાનત અને ઈમાનને ચોખ્ખા રાખવા માટે આધ્યાત્મિકતાનો વિસ્તાર કરવામાં આવે. આ કેવી રીતે થશે ? શરૂઆત તમે કરો. બેટા ! આપણે આપણા પોતાના ઘરમાંથી આસ્તિકતાનો વિસ્તાર કરવાની પ્રક્રિયા આ વસંતથી જ શરૂ કરવાની છે. તમારા ઘરમાં તમે જ તો જપ કરો છો. હા સાહેબ ! હું કરું છું અને તમારી પત્ની ? ના સાહેબ ! તે તો નથી કરતી. અને તમારા બાળકો ? ના સાહેબ, તે તો સાંભળવા માટે પણ બિલકુલ તૈયાર નથી. અને તમારા ભાઈ ? ભાઈ તો ગાળો દે છે. અને ભાભી ? ભાભી તો બસ મોં ફેરવી લે છે. તો જપ કોણ કરે છે ? હું એકલો જ કરું છું. તો બેટા એક ચણો શું ભઠ્ઠી તોડી શકશે ? એક ચણો ભઠ્ઠી તોડી શકતો નથી. પ્રચારનું જે કામ સોંપવામાં આવ્યું હતું. તે તું તારા ઘરથી શરૂ કર.